**BRAMPTON** Service and Information Update

# સીટી ઑફ બ્રેમ્પટન એપ્રિલ 13 નાં રોજ COVID-19 ટેલી ટાઉન હૉલનું આયોજન કરશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (એપ્રિલ 7, 2022) – સીટી ઑફ બ્રેમ્પટન COVID-19 વિશે અદ્યતન માહિતીથી માહિતગાર રહેવા એપ્રિલ 13 નાં રોજ સાંજે 6:30 થી રાત્રે 8 વાગ્યા સુધી COVID-19 ટેલી ટાઉન હૉલમાં જોડાવા રહેવાસીઓ અને ધંધાઓને આમંત્રણ આપે છે.

સીટી પોતાના COVID-19 ટાસ્ક ફોર્સીસના કામની ઝાંખી પણ કરાવશે અને તેઓ સીટી સર્વિસ ડિલીવરી મારફતે અને કમ્યુનિટી સપોર્ટ નેટવર્ક્સ દ્વારા સામુદાયિક સહાયતા કેવી રીતે પરિવર્તિત કરશે તે પણ દર્શાવશે.

ટેલી ટાઉન હૉલમાં નીચેના સહભાગીઓ સામેલ થશે:

- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, અને સીટી ટાસ્ક ફોર્સ લીડ્સ, સીટી ઑફ બ્રેમ્પટન
- રીજીયન ઑફ પીલ, પબ્લિક હેલ્થ
- વિલિયમ ઓસ્લર હેલ્થ સિસ્ટમ
- બ્રેમ્પટન ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ
- પીલ રીજીયનલ પોલીસ સર્વિસીસ
- પીલ રીજીયનલ પેરામેડિક સર્વિસીસ

સહભાગિતા માટે મક્કમતા જણાવવા તમારા ફોન નંબરથી Brampton.ca/covid19 પર નોંધણી કરાવો.

સીટી આરોગ્ય અને સુરક્ષા પર ધ્યાન આપતું રહે છે કારણ કે તેઓએ ધીમે ધીમે અને સુરક્ષિતપણે રિઓપન કરવાનું ચાલુ રાખ્યું છે, અને સીટી ફેલાવો રોકવામાં મદદ મળે તે માટે વ્યક્તિઓ વચ્ચે શારીરિક રીતે અંતર રાખીને, સારા સ્વચ્છતાશાસ્ત્રનો મહાવરો કરીને, રસીકરણ કરાવીને અને માસ્ક્સ પહેરીને પોતાનો ભાગ ભજવનાર રહેવાસીઓનો આભાર માને છે.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca